હજુ ભળભોખળું થવાની વાર હતી. ઘરની પછીતના અજવાળિયામાંથી ચહલપહલના અવાજો આવતા હતા. કેટલીક સ્ત્રીઓના ચાલવાનો અને એમની મોટેથી થતી વાતોનો અવાજ આવવા લાગ્યો. હજુ એ અજવાળિયું પણ એના નામ પ્રમાણે ઘરમાં અજવાળું લાવે એમ ન હતું. ઠીક એ જ સમયે મહાદેવના મંદિરના ઘંટના બે-ચાર ટકોરા અજવાળિયામાંથી ઘરમાં પહોંચ્યા. બહાર પછીતે એ અવાજ ગુંજતો રહ્યો અને પછી બધું શાંત થઈ ગયું; અંધારાભર્યા વાતાવરણમાં; પેલા મહાદેવના ઘંટની જેમ જ. મંદિરના ઘંટના એ ટકોરાએ ગામમાં અનેકને નીંદરમાંથી જગાડ્યા.

બાઈ એકદમ જાગી ગઈ અને જાગીને પહેલાં જ રમાને થોડો ઢંઢોળ્યો. પછી એ ઊભી થઈ, પોતાનાં કપડાં સરખાં કર્યાં અને ઓરડાનું બારણું ખોલીને બહાર ચાલી ગઈ. બહાર આંગણામાં માટીના ચૂલા ઉપર પડેલા ધાતુના દેગડામાં, ચૂલાની જ બાજુમાં જ પડેલા એક કોથળામાંથી ચાર-પાંચ ખોબા ભરીને ખાણ કાઢીને નાંખ્યું. પછી એ દેગડામાં લાકડાના એક દંડાને નાંખીને ફેરવ્યો. પછી દીવાસળીની પેટી લીધી. ચૂલાની બાજુમાં જ માટીની પાળી પર પડેલા કેરોસીનના ખડિયાને પ્રગટાવ્યો. એ જ ખડિયાને હાથમાં લઈ એની દિવેટ સાથેનું એનું ઢાંકણું ખોલી નાંખ્યું. દિવેટને પકડી રાખી ખડિયાને ચૂલામાં પહેલેથી જ મૂકી રાખેલાં બળતણ પર એને થોડોક નમાવી દઈ પાછું સળગતી દિવેટવાળું ઢાંકણું પોતે દાઝે નહીં એ રીતે સાચવીને બંધ કરી દીધું. પછી એ જ ચૂલામાંથી એક સળેકડું કાઢી એને સળગતા ખડિયાની જ્યોત ઉપર રાખીને એને સળગાવ્યું અને પછી એને ચૂલામાં નાંખી દીધું. બે-ચાર પળ સુધી બાઈ એની સામે તાકી રહી અને ચૂલામાં બરાબર આગ પેટાઈ ગઈ એટલે *'હે પરભુ..'* કહેતી ઊભી થઈ. ઊભાં થતાં થતાં એણે ચૂલામાંથી એક નાનું સળગતું લાકડું હાથમાં લીધું.

સળગતા એ લાકડાના ટુકડાને લઈને એ રસોડામાં ગઈ. રસોડામાં જઈને એને ત્યાં ચૂલામાં સાચવીને મૂક્યું. એના ઉપર એરંડાના થોડાક ડોકા[1] મૂક્યા. એના ઉપર બીજાં થોડાંક પાતળાં, પોચાં લાકડાં મૂકી આગ પેટાવી. પછી ચૂલા ઉપર એક ચોખ્ખું મોટું વાસણ મૂક્યું. પછી એ પાણિયારા પાસે ગઈ. ત્યાંથી માટલા ઉપર ગોઠવેલા પાણીના ભરેલા મઠોડિયાને ઉપાડી રસોડામાં જઈને ચૂલા પરના વાસણમાં ઠાલવી દીધો.

ચૂલામાં આગ બરાબરની લાગી ગઈ હતી અને સૂકાં લાકડાં બળવાના તડતડ અવાજ સાથે આગના તણખા ઊડવા લાગ્યા. અહીં પણ ચૂલામાંથી સળગતું એક સળેકડું ખેંચી કાઢી રસોડાની બારીએ લટકતી ફાનસ પાસે ગઈ. ફાનસના કાચની કળને એણે ડાબા હાથના અંગૂઠાથી દબાવી ઊંચી કરી દિવેટને ખુલ્લી કરી અને પેલા સળગતા સળેકડાથી પેટાવી દીધી. રસોડા અને ઘરમાં હવે ફાનસનું અજવાળું પથરાઈ ગયું. દીવો, એક ફાનસ અને બે ચૂલા સળગાવીને બાઈ બીજા કામે લાગી.

હવે ઘરની પછીતેથી પસાર થતા લોકોના પગરવ અને વાતોના વધુ અણસાર આવવા લાગ્યા. બે-ચાર સ્ત્રીઓ પણ ઝડપથી *‘અલી માર તો આજ મોડુ થઈ જ્યુ’* કહેતી વાતો કરતી કરતી નીકળી.

બરાબર પછીતને અડીને જાહેર રસ્તો અને રસ્તાની પેલી બાજુ કાનજીભાનો કૂવો અને ખેતર. એમનાં ઢોર-ઢાંખર કૂવા ઉપર બાંધે અને એમને સાચવવા પોતે જાતે સિત્તેરની ઉંમરે પણ રાતવાસો કૂવા ઉપર જ કરે. આજે રસ્તા ઉપર અવરજવર થવા માંડી એટલે કાનજીભા રોજની જેમ જાગી ગયા.

કાનજીભા ઊઠ્યા અને એમના જાગવા સાથે જ આજે એમનાં ઢોર પણ ઊભાં થઈ ગયાં. ઢોરોને લીલો ચારો નાંખી આવીને પાછા પોતાના ખાટલા પર આવીને આડા પડ્યા.

પરોઢનું અજવાળું થવાને હજુ થોડીક વાર હતી અને મહાદેવના મંદિરનો ઘંટનાદ થયો. *‘જય ભોળાનાથ’* કહીને કાનજીભા ઊભા થઈ ગયા અને એમની રોજિંદી ક્રિયા આદરી.

મંદિરની બરાબર પાછળ ઊભેલી ભૂતિયા આંબલી અને તળાવની પાળે ઊભેલા વિશાળ વડ ઉપર માળા બાંધી રાતવાસો કરતાં અનેક પક્ષીઓ કલરવ કરતાં ઊડ્યાં. એ સાથે જ વાગોળો રાતના અંધકારમાં ખોરાક શોધીને પાછી આવી આંબલીની ડાળીઓને વિંટળાઈને લટકવા માંડી હતી.

બાઈએ એની કામ કરવાની ઝડપ વધારી. ઝટ ઝટ માંહ્યલા ઘરમાં આવેલી ચોકડીમાં જઈને નાહી લીધું. દેવઘરમાં ઘીનો દીવો કર્યો. ધૂપબત્તી કરીને ઘરમાં, બારણા આગળ ઝડપથી ફેરવી જઈને દેવઘરમાં ભરાવી દીધી. આંગણાની સામે જ કોઢની ગમાણમાં ભૂરી પણ જાગી ગઈ છે અને સાંકળ ખખડાવી એની હાજરી પુરાવી દીધી.

*'આ સાસવારા[2]ના દા'ડે ય થોડાં મોડાં જાગતાં હોય તો સુ જાય સ ઈયોનું[3]?'* કામની ઉતાવળમાં થોડાક ગુસ્સા સાથે બાઈ બોલતી બહાર આવીને જલ્દીથી એને અને એના બચ્ચાને થોડોક ચારો નીર્યો અને એના શરીરે હાથ ફેરવતી એ ઘરમાં ગઈ.

ઘરમાં જઈને સાવરણીથી લાંબા હાથે વાસીંદું[4] કાઢી લીધું. રસોડા અને પાણિયારા વચ્ચે ચાંગાના મુહલા[5]એ ઘડેલી મોટી કાળી ગોળી મૂકી. એમાં જાળીવાળા કબાટમાંથી દહીં જમાવેલી બે મોટી કાળી હાંડીઓ ઠાલવી દીધી. પછી ચૂલા ઉપર મૂકેલા વાસણને લઈને આવી અને એમાંના ગરમ પાણીને ગોળીમાં અડધું ખાલી દીધું. એ જ ગરમ પાણીથી રવૈયાને ફૂલડાં સહિત બરાબર ધોઈ નાંખ્યો. ગરમ પાણીના અડધા ખાલી વાસણને જમણી બાજુમાં જ રાખી મૂકી દીધું. પછી રવૈયાને ગોળીમાં સાચવીને ગોઠવી બરાબર એની ઉપર ઊંચે છતના એક પાટ ઉપર મારેલા મજબૂત આંકડા સાથે રવૈયાના દોરડાને લટકાવી દીધું. વલોણું ગોઠવાઈ ગયું. બધું બરાબર ગોઠવાઈ ગયું પછી એણે એના સૌથી નાના દીકરા રમાને જગાડવા ખૂબ ઢંઢોળ્યો. એટલે એ આંખો બંધ રાખીને ઢોલડીમાં બેઠો થયો. બાઈ એને હાથથી પકડીને ઘરમાં લઈ ગઈ. વલોણા પાસે લઈને

ડ્યો.

સામે બીજા તરવાયા પર એ પોતે ગોઠવાઈ. એણે વલોણાના રવૈયાને ફેરવવા માટે વચ્ચેથી બાંધેલા એક દોરડાના બે છેડા રમાના હાથમાં પકડાવ્યા અને બીજા દોરડાના બે છેડા એણે એના હાથમાં લઈ ધીરે ધીરે ખેંચવા લાગી. રમાના હાથ પણ એની સાથે ખેંચાવા લાગ્યા. હવે એની આંખો ખૂલી અને એ વલોણાને બાઈની જેમ જ ખેંચવાનું શરૂ કર્યું. બાઈએ એની સામે ધીમું હસીને દોરડાં ખેંચવાની ગતિ વધારી. જો કે, એની નજર આમ તો બરાબર ગોળીના કાના ઉપર જ હતી.

થોડીક વાર પછી એણે વલોણાને અટકાવ્યું. બાઈએ વલોણાની ગોળીમાં નજર નાંખીને જોયું. ઉપર તરી આવતા માખણને બીજા વાસણમાં કાઢ્યું. પછી એમાં બાજુમાં પડેલા વાસણમાંથી વધેલું ગરમ પાણી રેડ્યું. ખાલી વાસણને જઈને ચૂલા પર મૂકી આવી અને એમાં મઠોડિયામાંથી બીજું પાણી ગરમ થવા મૂક્યું. ત્યાં સુધી રમો ટેબલે બેઠાં બેઠાં ઊંઘતો રહ્યો.

ફરીથી આવીને એણે વલોણાને ફેરવવા માંડ્યું.

વલોણાનાં ફૂલડાં માટીની ગોળીમાં અથડાઈ ન જાય કે વલોણાની થાંભલી ગોળીના કાંઠલાને સહેજે અથડાઈ ન જાય અને બધી મહેનત માથે ન પડે એટલે બાઈ રમાને સમજાવતી રહી અને ધમકાવ્યા વગર એ અડધો ઊંઘમાં હોવા છતાં ધીમે ધીમે સાચવીને વલોણાને આજે ખેંચાવી રહી હતી.

વહેલી સવારના આ વલોણાની કેટલાં બધાં કુટુંબો રાહ જોતાં હતાં? ઘેર છાસવારો હોય એની આગલી સાંજે બાઈ એ તમામ શેણ-સંબંધીને ખબર કરી દેતી; *'કાલ સાસવારો સ.'*

હવે, કાનજીભાના ખેતરમાંથી કૂવો જોડવા માટે હરાજમ[6] ગોઠવવાના અવાજો આવવા લાગ્યા. વચ્ચે એમના અને જગાભાઈના ઝાંખા શબ્દો પણ સંભળાયા.

પછીતે આવેલા એમના ખેતરમાં જાણીતાં પગલાંના સંચારે મોટા લીમડાના સહારે ખીલે બંધાયેલા બળદોની સંગાથે બીજાં ઢોર પણ સાંકળો ખખડાવતાં ઊભાં થઈ ગયાં. જગાભાઈએ એ બધાં ઢોરને બરાબર ચારો

નીરી, હલોણ[7]માં પડેલી કોશની સામગ્રીને બરાબર ગોઠવી. પછી બળદોને હાંકીને લઈ આવ્યા હલોણ વચ્ચે, જ્યાં હરાજમ તૈયાર પડી હતી.

થોડીવારમાં એ માઢમાં આવ્યા અને સાંકળ ખખડાવી. માએ માઢનું બારણું ખોલ્યું. કાનજીભા હાથમાં ચલમ ગોઠવતા બહાર ઊભા હતા, એમને દેવતાનો એક અંગારો લેવો હતો. માએ એમને જાતે જઈ ચૂલામાંથી લઈ લેવા કહ્યું. મા અને બાઈને આજે છાસવારો હતો અને સમય પણ ન હતો.

રામગીરી બાવજી આખા ગામના પહેલાં જાગે. જાગીને એ મહાદેવને જગાડે. મોનજીસાહેબ રોજની જેમ મંદિરે પહોંચી ગયેલા અને બાવજીએ આરતીના દીવા તૈયાર કર્યા ત્યાં સુધી એક પગે ઊભા રહીને એમણે મા’દેવને યાદ કરી લીધા. બાવજીએ ધૂણી પરથી સળગતું લાકડું ઉપાડી આરતી પેટાવી અને હાથમાં લાંબી પિત્તળની મોટી ઘંટડી લઈને મહાદેવના ગર્ભસ્થાનમાં આવ્યા, ત્યાં સુધીમાં તો લખમણ અને બીજા બે-એક છોકરાઓ પણ આવી ગયા અને છતમાં લટકતા બંને ઘંટને પકડી રાખી અને ઝાલર હાથમાં લઈને ઊભા રહી ગયા. બે જણા જઈને ધર્મશાળાના ખૂણામાં પડેલા નગારાની દાંડી પકડીને મંદિર સામે તાકીને રાહ જોવા લાગ્યા. ત્યાં, બાવજીએ જેવી ડાબા હાથથી પકડેલી ઘંટડી હલાવીને આરતી શરૂ થવાની સૂચના કરી, બધાએ એકસાથે નગારું, ઘંટ અને ઝાલર વગાડવી શરૂ કરી.

અજવાળિયામાંથી ઝાલર, નગારા અને ઘંટનો અવાજ સંભળાયો. ઘંટનાદના અવાજે પીપળા પર બેઠેલાં પક્ષીઓ ઊડ્યાં એનો ફફડાટ પણ સંભળાયો. મહાદેવના મંદિરે વાગતી ઝાલર બંધ થઈ હતી એટલે પેલાં પક્ષીઓનો કલરવ પણ ત્યાંથી જ સંભળાવા લાગ્યો. વચ્ચે વચ્ચે એકાદ ઘંટના ટંકોરાનો અવાજ ઓરડામાં આવતો જતો હતો.

■

રમણ અને ચંદુ દરજી જુવારની થેલીઓ લઈને ચબૂતરે દાણા નાખવા આવ્યા. રામચંદ ભાએ ઝાડે ફરી આવીને ગોંદરે નાની લીંબડીના થડમાં જ ડબલું મૂકી દીધું ને રેતમાં પડેલા બસના ઊંડા ચીલામાં શાંતિથી સૂતેલાં બે કૂતરાંને એમની લાકડી વડે જગાડીને ભગાડી દીધાં. *'ઇયોં ઇયોં...'* કરતાં બે કૂતરા ભાગ્યાં.

આ ભાગતાં કૂતરાં અંધારામાં ઝાડે ફરવા નીકળેલા એક એમની જ ઉંમરના વડીલની સામે આવ્યાં. એ ગભરાયા અને એનાથી એ ડરી પણ ગયા. પણ, ગુસ્સો ઊતર્યો રામચંદ ભા ઉપર. આખી રાતની ઠરેલી રેતના ઊંડા ચીલામાં મળતી સરસ મજાની મીઠી ઊંઘ લેતાં 'બિચારાં' કૂતરાંની ચિંતા કરી.

*'આ ડોહાન શુ થાય સ ક હવાર હવારમાં બચારાં કૂતરાંન ઉઠાડવા મોડ સ[8] ?'*

પાડોશના ગામમાં રાત્રિરોકાણ કરતી પહેલી બસ વહેલી પરોઢે ગમે ત્યારે આવે એમ હતી. વહેલી સવારે યુવાનો બસસ્ટૅન્ડ પર આવીને બસની રાહ જોઈને બેઠા હતા.

એમના માટે આ બસ દિવસની પહેલી અને ખૂબ જ 'કોમની' બસ હતી, ના છૂટકે એ પકડવી જ પડે એમ હતી એટલે આ હીરાઘસિયાઓ અને બે-ચાર કૉલેજ વાળા છેલબટુક છોકરાઓ અંધારામાં જ ગોંદરે આવી આવી ગયા હતા.

એટલામાં બાજુના ગામમાંથી રોજની જેમ આજે પણ ચાલતો જતો યુવાન જીવરામ ખભે ખાખી થેલી ભરાવીને ઝડપથી નીકળ્યો. નીકળ્યો શું, ઊડતો રોમપરના ગોંદરાને પસાર કરી ગયો. મજબૂત બાંધો ધરાવતા એ યુવાને બસની રાહ ન જોઈ, બસ, એ તો એના રસ્તે આગળ વધી ગયો. એને કૉલેજમાં હાજરી પુરાવવાની ઉતાવળ હતી.

એ ચાલ્યો એટલે ગોંદરે બસના ચીલાની ધૂળ થોડીક ઊડી. એ રામચંદ ભાએ બરાબર જોયું. એને રોજ જોતા, પણ આજે એને બારોબાર જતો

જોઈને રામચંદભા મનોમન બબડ્યા; *‘શે’રનો પાસ કઢાવી લેતો હોય તો, શું કોમ ઓમ મેનત કરતો હશ? હવ તો ગોદરા હુધી સગવડ સ...!’*

■

ઘરમાં છાસવારાની તૈયારીઓ હતી તો, ગોંદરે શાંતિથી બસની રાહ જોવાતી હતી. અજવાળિયામાંથી ધીમા ધીમા વિવિધ અવાજો આવતા રહેતા હતા. આજે શનિવાર હતો.

ગોંદરે બસની રાહમાં બે-ચાર હીરાઘસિયા જુવાન થેલી અને એમાં ટિફિન લઈ શિવાભાની કેન્ટીનના બોકડે[9] બેઠા હતા. કેન્ટીન હજુ ખૂલી ન હતી. પણ રામચંદભાએ જઈને એસટી કેન્ટીનમાં મુસાફરો માટે મૂકવામાં આવેલા બોકડા તપાસી જોઈ લીધા, ત્યાં તો કોઈ કૂતરું સૂતું નથી ને? એમણે ત્યાં બેઠેલા પેલા જુવાનોને જોયા. એમના ચહેરા ઉપર અંધારામાં પણ સંતોષ છલકાયો.

*‘ભાઈ, હમણાં જ આઈ જાહે હો. મોંમા-ભોણાની જોડી સ... એક મિનિટ ય મોડુ ની કર. ટેમસર ગાડી સ!’* રામચંદભાએ બોકડા ઉપર બેઠેલા પેલા જુવાનોની સામે જોઈને પાકા જાત-વિશ્વાસથી કહી દીધું.

એમની આ માહિતીની જુવાનો ઉપર કોઈ અસર ન પડી. આ જુવાનો માટે આ રોજની બિના હતી. રામચંદભાની વાતોમાં ધ્યાન ન આપવાનું જાણે કે નક્કી જ કર્યું હોય એમ એમને જવાબ આપ્યા વગર એક જણે બસના આવવાના રસ્તા તરફ એક લાંબી નજર નાંખી ને પછી બસની રાહ જોતા બોકડા ઉપર બેસી રહ્યા. એ બેઠા રહ્યા અને રામચંદભા ધોતિયાનો એક છેડો પકડીને ઘર તરફ ચાલી નીકળ્યા.

દૂર ગામના છેવાડે વહેળાના કાંઠે ટેકરા ઉપર રબારીઓનાં ઘર. સામે જ વહેળા ઉપર એમના વાડા. વાડામાં ઘેટાં-બકરાં અને કેટલીક ગાય-ભેંસો બાંધેલી. ઊંટ તો વહેળાની રેતમાં જ ઝાંખરાં સાથે બાંધેલાં. વહેલા જાગીને જગશી અને એમનાં ઘરવાળાં બકરાં દો’વા બેસી ગયાં. જે બકરી કે ઘેટીનાં બચ્ચાં ધાવી રહ્યાં હોય એવી એક પછી એક બકરી અને ઘેટીને એ દો’તા રહ્યાં. એમણે દોહીને બધું દૂધ મોટાં દેગડાઓમાં જઈને ઠાલવ્યું.

બકરીનું દૂધ એક વાસણમાં અને ઘેટીનું દૂધ બીજા વાસણમાં. ઘેટાં-બકરાં દોવાઈ રહ્યાં પછી જગશીએ ભેંસો અને ગાયોને દોહી. એમનાં ઘરવાળાંએ ગાય-ભેંસોને ચારો નીર્યો અને વાડાનું કટલું[10] આડું કરીને ઘેર આવી દાતણપાણી કરી ગામમાં ઘરાકોને દૂધ આપવા જગશી બબ્બે વાસણ અને ખભે લાંબી ડાંગ લઈને નીકળ્યા.

અજવાળિયામાંથી હજુ ઘરમાં અજવાશ નહોતો પ્રવેશ્યો. અંધારું જ હોઈ શેરીની કેટલીક સ્ત્રીઓ પછીત પાછળથી વાતો કરતી નીકળી.

*'અલી ઉતાવળી હેડ ન... દાડો ઉગવા થયો. જો પેલી બાજુ!'*

*'હુવ લી હેડ ઉતાવળી, તું તો ખૂબ ધેમી. પસ આઘ જાવું પડશ...'*

ચબૂતરા પાસેથી વહેળાની કોતરો તરફ અંધારામાં જ શૌચ જવા માટે કેટલીક સ્ત્રીઓ હાથમાં પતરાનાં ડબલાં લઈને જઈ રહી હતી. એ જ માર્ગે કેટલાક ખેડુ ભાઈઓ પણ એમના ખેતર ભણી જઈ રહ્યા હતા. સ્ત્રીઓ એમનાથી આઘે રહીને લપાતી લપાતી ચાલી રહી હતી. સહેજ સંચાર ઓછો થયો કે, એ બધી આજુબાજુ જોઈને એકબીજાના થોડાક અંતરે કોતરોમાં બેસી ગઈ.

મંદિરમાંથી છૂટક ઘંટારવ સાથે *'શિવ શિવ...' 'મહાદેવ હર...' 'જય શિયારામ બાવજી'*ના અવાજો આવતા રહ્યા. નાનજીસાહેબ મહાદેવમાં પહોંચી ગયા હતા.

ખભે અબોટિયાનો લાલ રૂમાલ નાંખી શિવોભા કાપડની એક થેલી અને બરણી લઈ ગોંદરે આવ્યા. કંદોરા સાથે બાંધેલી ચાવી ખેંચી કેન્ટીનનું તાળું ખોલ્યું. થેલી કેન્ટીનમાં મૂકી. એમાંથી અગરબત્તીનું એક નાનું પડીકું કાઢ્યું અને એ લઈ કેન્ટીન ખુલ્લી રાખી ગયા સામે ઓલિયે. માથે રૂમાલ ઢાંક્યો. પડીકામાંની બધી અગરબત્તીઓ એકસાથે કાઢી દીવાસળીથી પેટાવી. ઓલિયાની મજાર ઉપર એમણે અગરબત્તીનો ધૂપ ફેરવતાં ફેરવતાં મનમાં કંઈક બોલતાં બોલતાં બે-ત્રણ ચક્કર મારી દીધાં. પછી સ્થાનકના એક ખૂણે તૂટેલા ચૂનાના પ્લાસ્ટરમાં પડેલી એક તિરાડમાં ભરાવી દીધી અને હાથ જોડી પાછા કેન્ટીન તરફ ચાલી નીકળ્યા.

થોડીક વારમાં તો મોગરાની સુંગધથી આખું ગોંદરું મઘમઘી ઊઠ્યું.

સવારની વહેલી બસ પકડવા આવેલા ચમન કીરીએ શિવાભાને ઓલિયા પર ધૂપ-અગરબત્તી કરીને આવતા જોતાં જ બોલ્યા; *'પાશેર ખાંડની બાધા રાખો એટલે આ દયાળુ પરવરદિગાર ઓલિયા આપડા ઉપર મેરબોન.'* કીરીની વાત સાંભળીને પ્રેમજીએ કહ્યું, *'બાઈ કઈ કઈન થાચી જઈ, પણ કોમમાં ન કોમમાં ટેમ નથ મળતો, બાધા પૂરી કરવાનો.'*

ચમન કીરી ત્યાં સુધીમાં તો ઓલિયાના બે ચક્કર મારી પાછા આવી ગયા. બાજુમાં બેઠા અને કહ્યું, *'ભાઈ, દેવની બાધા બાકી ન રાખવી. અન આ બાધા ય ચોં મોટી હોય સ તે. આ ઓલિયો તો પાશેર ખોડનો ભૂશ્યો.'*

શિવાભાએ ઓલિયાથી આવીને પાછા કેન્ટીનના દરવાજાનો હળદ્રાપ[11] ખોલી.

*'હાચી વાત ચમનભઈ.'* પ્રેમજી બોલ્યો.

*'શની બાધા સ તે?'* શિવાભાએ કેન્ટીનમાં આવીને એક અગરબત્તી પેટાવી પ્રાયમસ ઉપર ફેરવી બારી પાસે જઈને ખોસી દીધી. અગરબત્તી બારી પાસે ખોસતાં પૂછ્યું, *'પેલી પે'લાં વેતરની ભેંસ વિયોણી'તીન એની સ. કાલ રવિવાર સ ન, કાલ નક્કી.'*

*'મોનતા મોની હોય તો પૂરી કરફી. દેવાની બાધા બાકી ન રાખવી. શો કોસો શિવાભા; હાચું ન?'* ચમન કીરીએ શિવાભા પાસે ટાપસી પુરાવી. શિવોભા એમનું માથુ હકારમાં હલાવતા કેન્ટીનમાં ગયા.

અભુ બોલ્યો; *'બૉનું ગમ્મેયે હોય, ભેંસ વિયાય એટલે એના પેલ્લા દૂધની બળી[12] અન બીજા દા'ડાના દૂધનું દહી ઓલિયે ચડે એ છોકરાંન ખાવાની મજા પડ સ, ખરું ન...પેમભઈ?'*

ગામના છોકરાંઓને પ્રસાદીરૂપે વહેંચાતાં દહીં બળીની મજા છોકરાં કેવી રીતે લે છે એ યાદ કરી ચમને અભુની વાતને ટેકો આપ્યો. કહ્યું, *'એ હાચું, ગોંદર જેટલાં રમતાં હોય એટલાં બધાં ય સોકરાં ઓલીયે ચડી જોય, કોઈ મોનતા કરવા આવ એટલે. મારા ભાઈબંધની ભેંસ જેટલી વાર*

*વિયા એટલી વાર ચંચી કાકી ઓલીયે બળી ય ચડાવ અન દહીય ચડાવ. અમે ય ખૂબ ખાધું સ દઈ ન બળી.'* ચમને જાતઅનુભવની વાત કરી.

બસ આવવાનો કોઈ જ અણસાર હજુ તો નહોતો મળતો. શિવાભાએ રોજની જેમ કેન્ટીનમાં પ્રાયમસ સળગાવી ચાની તપેલી ચડાવી.

*'અલ્યા ચેટલ રઈ જઈ મઢવાળી?'* ચમને ભેરવા સામે નજર નાંખતા બસની ચિંતા કરી.

*'એ આવશે તો આંય જ આવશે ન...'* પ્રેમજીએ થોડીક ધીરજ રાખી. અભુથી પ્રેમજીની આ ધીરજ સહન ન થઈ.

*'શિવાભા, ચેટલ સ મઢવાળી, આજ તો મોડુ કર્યું એને? અન ભા, આપડી પેશ્યલનું શું થ્યું?'* ચાના ઑર્ડરને તાજો કરતાં અભુએ બસનું ફરીથી પૂછ્યું.

*'મઢથી નેકળી હશ. અન હવ તો ખહા આવવા થઈ. બેહો. હમણાં આઈ હમજો.'*

પ્રાયમસ ઉપર તપેલીમાં ચાને ખૂબ વાર હલાવ્યા પછી ચમચાથી થોડીક ચા પોતાની હથેળીમાં લઈને ચાખી લીધી. બાજુમાં પડેલી ખાંડ-ચાની બરણીમાંથી થોડીક ખાંડ અને થોડીક ચા લઈને ઊકળતી તપેલીમાં નાંખી. ચમચાથી બરાબર હલાવી. પછી આખું જ વાસણ સાણસીથી એક હાથે ઉપાડી ગોળ ગોળ ફેરવ્યું. પ્રાયમસ ઉપર ફરી મૂક્યું. એક ચોખ્ખું સફેદ, પણ રોજ વપરાઈને બદામી રંગનું થઈ ગયેલું કપડું કીટલી ઉપર ઢાંકી એમાં ખાડો કરવા સહેજ આંગળી દબાવીને ઊકળીને તૈયાર થયેલી ચા ઊંચા હાથે રેડી દીધી. કીટલી ભરાઈ ગઈ એટલે ત્રણ કપ-રકાબી પથ્થર ઉપર ગોઠવ્યાં. એમાં કીટલીથી ચા રેડી. એક હાથમાં બે કપ-રકાબી અને બીજા હાથમાં એક કપ-રકાબી લઈને બહાર આવી બોકડા ઉપર બેઠેલા જુવાનોને આપી.

પેમાની નજર હવે બસની રાહ જોવામાં ભેરવા તરફ હતી. એને માથું હલાવીને 'હા' ભણી. બારીમાંથી આવતા પવન સાથે ધૂપસળીની મોગરાની સુગંધ કેન્ટીન અને આસપાસ બેઠેલા લોકો સુધી પહોંચી ગઈ. આ

મોગરાની સુગંધ સાથે પેલી ઊકળતી ચાની પણ એક મનપસંદ ચૌધરી ચાની સુંગધ પણ ગોંદરે પ્રસરતી રહી.

એટલી વારમાં રહેમાનિયો ઝીણી ઝીણી આંખ કરતો ઘેરથી આવ્યો અને કેન્ટીનમાં જઈને સાવરણી લઈ પહેલાં કેન્ટીનની સફાઈ કરી અને પછી સાવરણી પાછી મૂકીને બહાર પડેલો સેગતરા[13]નો સાવરણો લઈ કેન્ટીન આગળ વાળવા માંડ્યો.

*'એ આયો... જોયું, આયો એવો દેખોણો.'* પ્રેમજીએ રહેમોનને આવીને સીધો કચરો ઉડાડતો જોઈને થોડીક પ્રેમભરી નફરત સાથે કહ્યું.

એમની વાતો ચાલુ રહી અને ચમન ચા પીતો ન હતો એટલે પ્રેમજી અને અભુએ અડધી અડધી કરીને ચા પી લીધી અને ખાલી કપ-રકાબી બેઠા હતા ત્યાં જ નીચે અવાજ થાય એમ છૂટાં મૂકી દીધાં.

રહેમોને પ્રેમજી સામે એક આંખ ઝીણી કરી અને એવી જ નફરતથી જોયું. એમાં પ્રેમ ન હતો અને ગુસ્સો ય ન હતો. એણે સાવરણો ત્યાં જ નીચે પડતો મૂક્યો. ગયો બોકડા પાસે. પહેલાં નીચે નાખી દીધેલાં કપ-રકાબી ઉપાડ્યાં. હવે ફરીથી એણે બરાબર નજર નાંખીને પ્રેમજીને ગુસ્સામાં જોઈ લીધો. એ લઈને એ ગયો કેન્ટીનના બારણાની બહાર રાખેલા પાણીના વાસણ પાસે અને એમાં ડબોળીને, એટલે કે ધોઈ લઈને અંદર જઈને પથ્થર ઉપર કાચના ખણખણાટ સાથે ઊંધાં પાડી દીધાં.

*'શિવાભા, ચેટલ સ આ તમારી મઢવાળી?'*

*'આ હવ તો આવવા થઈ. બેહો. આઈ હમજો.'*

*'અભુભઈ, ઊભા થૌ, આઈ તમારી મ'ધાળી...'* કપને અંદર પથ્થર ઉપર ગોઠવીને બહાર આવીને કેન્ટીન આગળ સાવરણો ફેરવતાં એ બોલ્યો.

*'ચાં સ 'લ્યા રેમોન... તારી માના...?'* બસનો હજુ કોઈ અણસાર ન જોતા અભુએ એને ધમકાવી નાંખ્યો.

પહેલાં તો રહેમાને ધૂળ બરાબર ઉડાડી એમની સામે સાવરણાથી, પછી સાવરણા સાથે કમ્મરે હાથ મૂકીને રહેમાન ઊભો રહ્યો. ક્ષણ તો એ

એમની સામે જોઈ રહ્યો અને પછી કહ્યું, *'અભુકાકા, મન ગાલી બોલવી હો તો બોલી લેવી. પણ, માકુ નઈં; સુબા સુબા મેં.'* ક્યારેક હિંદીમાં બોલી નાખતા રહેમાને ખખડાવી નાખ્યા પ્રેમાકાકાને.

રહેમાનના પિતા નાટકનો અચ્છો કલાકાર અને નાટક મંડળી ચલાવતો અને ગામડે ગામડે મંડળી લઈને નાટક કરવા જતો એટલે રહેમાનમાં લોહીના સંસ્કાર છૂપા ન હતા. નિશાળ વહેલી છોડી દીધેલી. ભણતો નહીં, એટલે એની મા એ રખડે નહીં એટલે એને શિવાભાની કેન્ટીને કામ કરવા મોકલતી. કામ શું, કપ-રકાબી ધોવા મોકલતી. વાતોડિયો ભારે, લોકોની વાતોમાં રસ રાખે અને ક્યાંક ગીતો ય ગાયા કરે, પણ બતાવો એટલે કામનો પાકો.

શિવાભા વહેલી સવારે જેવા ઊંચા ટેકરા ઉપર એમના હવેલી જેવા મકાનની ખડકીમાંથી અંધારામાં ઢાળ ઊતરે એટલે દૂર એના ઘરના ઓટલે નજર નાંખીને જ બેઠેલો રહેમાન થોડીક જ વારમાં નીકળી પડતો. આજે પણ રહેમાન એના ઘેરથી *'શિવ શિવ, ગોપાલ હરી...'*નું ભજન ગાતો ગાતો કેન્ટીન ઉપર આવ્યો હતો.

*'હારુ... હવ.'* કહીને અભુએ મઢવાળા રસ્તે નજર નાંખી. વળાંક હતો, એટલે કશું ન દેખાયું. પણ રહેમાને ચપટી વગાડીને એમને ઊભા થવા ઇશારો કર્યો. એટલામાં તો બીજા મુસાફરો પણ આવી પહોંચ્યા.

*'પેલી આયી જુઓ. જો... ઊભા થૌ, નકર જીવો ભા ઊભી નીં રાખીં તમારા બલ્લ! ઈં ઊભેલા કોઈન નીં જુવ ન, તો... મારી મુકશીં હો?'* રહેમાનની વાતથી ગભરાઈને એના ઉપર વિશ્વાસ કરી ત્રણે ય જણ ફટાક કરતા ઊભા થઈ ગયા. ઊભા થતાં જ પ્રેમજીએ શિવાભાને ચાના 'રોકડા' ચૂકવી દીધા. શિવાભાએ હથેળીમાં ઉછાળીને નજરથી જ ગણીને ઝભ્ભાના ખિસ્સામાં સેરવી દીધા.

અભુ, પ્રેમજી અને બીજા મુસાફરો દૂરથી અંધારામાં પણ દેખાય એ રીતે રસ્તા વચ્ચે ઊભા રહ્યા.

બસ આવી, ઊભી રહી. રહેમોને બે ચાના કપ લઈ દોડતા જઈને ડ્રાઇવર–કંડક્ટરને આપ્યા. એટલામાં રહેમાને બસનું ભોંપુ જોરથી દબાવ્યું.

એનો અવાજ તો જોરદાર આવ્યો પણ રહેમાને એના મોઢામાંથી એવો જ ભોંપુનો અવાજ પણ કાઢ્યો. બંનેને ચા પીતાં જે પણ વાર થઈ એનાથી કંટાળેલા અંદર બેઠેલા આગળના પેસેન્જરોનો બડબડાટ રહેમોને સાંભળ્યો અને પાછલા દરવાજેથી બસમાં ચડીને *'ચાય ગરમ ચાય ગરમ...'*ના સાદ પાડવા લાગ્યો. લોકો એના ઉપર ઉશ્કેરાયા. એમને ગુસ્સામાં જોઈને સમય પારખીને એમને શાંત રહેવા સમજાવવા લાગ્યો.

*'પાયલોટને આંય રોમપરમાં હારી ચા મળ સ, હવાર-હવારમાં. શોંતિથી પીવા દો. તમે બધાં તો ઘેરથી પીન આયા સો... પણ હોભળો, હમણાં ફટાક કરતા મારા જીવોભા ગાડીને એવી ભગાડશી કે' પોકાડી દેહીં શે'ર.'* એક્સિલેટરનો અવાજ સંભળાતાં જ રહેમાન ફટાક ઊતરી ગયો અને ઊતરીને ફાટકને જોરથી પછાડીને બંધ કરી. કંડક્ટર શિવરામે *'અર તારી માના... રેમોનિયા...'* અડધી ગાળ બોલીને ઘંટડી મારી અને બસ વિમાનની ગતિએ ભારે અવાજ કરતી ઊપડી.

રહેમાન હસતો હસતો ડોલતો ડોલતો આવી ખાલી કપ લઈ ગયો અને કેન્ટીનના બારણા આગળ બેસીને ધોવા લાગ્યો.

ગામના ગોંદરેથી શહેર જતી બસ યુવાનોને લઈને શહેર તરફ જવા ઊપડી એટલે એનો 'ઘર્રરરર...' અવાજ અજવાળિયામાંથી ઘરમાં આવ્યો અને હોકળી વળોટીને પાદરમાં થઈ વળાગોટો[14]ના શેરડાને વટાવ્યો નહીં ત્યાં સુધી આવતો રહ્યો. પછી એ ચરામાં પહોંચી એટલે એનો એહસાસ ઓછો થતો ગયો.

બસનો અવાજ સાંભળીને ઘેર ગયેલા રામચંદભા મોટાં ડગ માંડતા ઉતાવળે પાછા આવ્યા, પણ બસ ઊપડી ગઈ હતી. પાછા ચબૂતરા સુધી આવીને એક હાથ ઊંચો કરીને ખૂબ હલાવ્યો; પણ... પછી બાજુમાંથી એક કૂતરું પસાર થયું. એને જોતાં જ સહજ ગુસ્સામાં એને હાથથી મારવાનું હોય એમ એમણે હાથને ઝાપટીને *'હોડ, તારીના'* કહીને દૂર કર્યું.

*'ભા, એ તો પોચી જઈ ચરામાં ઠેઠ, ટેમસર હતી.'* રામચંદભાને આમ નિરાશ થયેલા જોઈને આશ્વાસન આપતો હોય એમ રહેમોને કહ્યું.

વડલે બસ પહોંચી એની ઘરરાટીનો દૂર જતો અવાજ અજવાળિયામાંથી ઘરમાં આવ્યો ત્યારે *'હવ મઢવાળી જઈ'* એમ કહીને બાઈએ વલોણાની ગતિ વધારી. ત્યાં, પાછલા ખેતરમાંથી કોશ જોડવાના અવાજો પણ આવ્યા. વલોણાનાં ફૂલડાં ગોળીમાં ફરવા માંડતાં જ દહીં ભાગતાં ઊઠતો 'ફર ફર' અવાજ અને દહીં-પાણી વલોવાતાં થતો 'ઘમ્મર ઘમ્મર'નો મધુર અવાજ અજવાળિયા મારફતે ઘરની બહાર ગયો અને બહાર ઓસરીમાં પણ.

ઓસરીમાં સૂતેલાં મા જાગ્યાં અને ઓરડામાં અંદર આવીને રમાના હાથમાંથી વલોણાનાં દોરડાં લઈને એ ટેબલ પર બેસી બાઈને મદદ કરવા લાગ્યાં. રમો સીધો જઈને ફરીથી એની જગ્યાએ સૂઈ ગયો.

■

પછીતથી અવનવા અવાજો આવતા રહ્યા.

જગાભાઈએ ઘુઆમાં બાંધેલા બે બળદની જોડીને છોડી... જેવા એ રેલ્લા જેવા બે બળદ –એક કાળિયો અને બીજો ધોળિયો– ખીલેથી છૂટ્યા કે ભૈરવા બાવાના ઘૂઘરા રણકતા હોય એવો અવાજ કરતા જોશમાં 'ને જોશમાં ઢાળ ચડીને બહાર આવી ગયા. એમની પાછળ જગાભાઈ પણ હાથમાં બેની રાશ લઈને એટલા જ જોશમાં બહાર આવ્યા. મસ્ત શેઘોટી વાળા રેલ્લા જેવા બે બળદની જોડી અને એમને હાંકનાર એમના જેવા જ જોરાવર જુવાન જગાભાઈની ઝડપ એકસરખી હતી. જેવા ઘુઆની બહાર બળદ આવ્યા કે, જગાભાઈએ એમની નાથ પકડી લીધી 'ને એમની ઝડપ પર કાબુ મેળવી લીધો.

*'ધેમા રો... બાપ... ધેમા રો...'* જગાભાઈ એમને નાથથી ખેંચીને કૂંડી પાસે લઈ ગયા. સવાર સવારમાં આળસ ભાંગતા હોય એમ બળદોએ એમના શરીરને વારાફરતી ખેંચ્યું; અને પછી સહેજ ધ્રુજારી પણ આપી એમના શરીર પર. બળદો પાણી પીતાં પીતાં એમનાં પૂછડાં ઊંચાં કરીને શરીર ઉપર ઝાપટતા ગયા અને જગાભાઈના હાથમાં રહેલી એમની નાથ જેમ ખેંચાતી ગઈ એમ એમ એમનાં મોઢાંને ઊંચાં કરતા રહ્યા; જાણે કે એમને જગાભાઈએ ખેંચીને રાખેલી નાથ પસંદ નથી.

પાણી પીતાં પીતાં વારેવારે નાકની ફેણ ફુલાવી ફુલાવીને ફૂંફાડા મારતા બળદોએ કૂવાના થાળાને અડીને આવેલી ઊંડી કૂંડીમાં ગઈકાલનું ભરેલું પાણી પી લીધું. હા, તાજું પાણી તો હજુ ખેંચવા માટે એમને જ કોશે જોતરાવાનું બાકી હતું ને?

*'ખમ્મા મારા બાપલા... ખમા...'* કહેતા જગાભાઈએ બે બળદની જોડીને હલાણમાં લઈ આવ્યા અને લાંબા જાડા વરત સાથે બાંધેલી ધૂંસરી એમના ગળામાં નાંખી જોતરી દીધા. પછી ધૂંસરીએ બાંધેલા એક જાડા અને બીજા પાતળા વરતને ભેગા લઈ એક છેડેથી ઊંચા કરી ઝાટકીને સીધી લાઇનમાં કર્યા. પછી કૂવાકાંઠે કોશની હરાજમ -એટલે કે, સર-સરંજામ, નાની અને મોટી ગરગડી તેમજ ઉપર લટકેલા મોટા પૈડા પર ચામડાના કોશને સીધો કરીને કૂવામાં લટકતો કરી દીધો. ઉપરના મોટા પૈડા ઉપર જાડું વરત અને નાની બે ય ગરગડીઓ ઉપર ફરતા પાતળા વરતે ધૂંસરીએ જોતરાયેલા બંધાયેલા બળદોને ધીમે ધીમે જગાભાઈએ પાછા પગલે હંકારીને લઈ આવ્યા. કોશ કૂવાના તળિયે જઈને બેઠો એટલે, થાળા ઉપર જઈને જગાભાઈ મોટા પૈડા પરના વરતને બે હાથે ઉપરનીચે ખેંચીને કોશને પાણીમાં પૂરો ડુબાડ્યો. એ પૂરેપૂરો ડૂબ્યો એટલે સહેજ ખેંચીને બન્ને બળદોનાં પૂછડાંને થોડોક જ વળ ચડાવીને જલદીથી પગ લટકતા રાખીને વરત ઉપર બેસી ગયા ને બળદને હંકાર્યા. કોશ ઉપર આવ્યો અને ધીમે ધીમે એ ખાલી થતો રહ્યો અને પછી વરતને દૂરથી જ ખેંચીને એને પૂરેપૂરો ખાલી કરી દઈ વળી પાછા ધૂંસરી સાથે બળદોને પાછા પગલે લઈ આવ્યા.

■

ઘરમાં હવે અજવાળિયામાંથી સૂરજનો પ્રકાશ આવવા માંડ્યો હતો. પ્રકાશની સાથે જાળીમાંથી ઠંડો પણ પવન આવતો રહ્યો અને એની સાથે જ આવતાં પ્રકાશનાં કિરણો ધૂળની રજકણોનાં બની ગયાં. બહાર અજવાળું થઈ ચૂક્યું હતું. સૂરજદાદા કાનજીભાના ખેતર ઉપર ઊગી ચૂકી હતા.

મા અને બાઈએ, વલોણું હેમખેમ પૂરું થતાં જ ગોળીમાંથી બધું જ માખણ સાચવીને બીજા વાસણમાં કાઢી લીધું. રવૈયાને પણ ખેંચીને એમણે ઉપર પાટના આંકડા ઉપર સહેજ ઊંચો બાંધ્યો અને પછી એના ઉપર

ચોંટેલા માખણને હાથથી લઈ લીધું. પછી ગરમ પાણીથી એનાં ફૂલડાં ત્યાં જ ધોઈ નાંખી ચોખ્ખાં કરી નાંખ્યાં. વલોણાનાં કેટલાંક વાસણ બહાર આંગણામાં મૂક્યાં.

ઓસરીમાં ઘંટીવાળા ખૂણામાં એક નાની ઢોલડીમાં સૂતેલાં સાંકળીમા ઊભાં થયાં અને જઈને આંગણામાં મૂકેલાં વાસણ લઈને ચૂપચાપ સાફ કરવા લાગ્યાં. બાઈ બીજાં વાસણ લઈને આવી અને સાંકળીમાને કામ કરતાં જોઈને એમને ધમકાવવા માંડી.

*'ડોશી, તને લગીરે ય ઝપ નથ... ઊઠી સ હાલ અને કોમ કરવા બેહી જઈ. ઊભી થા. મોઢુંબોઢું ધો અને તોહળામાં[15] ચા મૂકી સ એ પી લે... પસ કોમ કરજે.'* સાંકળીમાએ કોઈ જવાબ આપ્યા વગર જ ત્યાં સામે પડેલા પાણીના મોટા ગોળામાંથી લોટો ભરી લીધો અને માઢ બહાર જઈને મોઢું ધોઈ નાંખ્યું.

બાઈએ બહાર ઓસરીમાં નજર નાંખી. રમો આળસ મરડીને ઊભો થઈ જ રહ્યો હતો, ત્યાં એ આવી અને એના મોઢામાં માખણનો એક મોટો લોંદો નાખી ગઈ. હવે બીજા ભાઈઓ પણ જાગી ગયા હતા અને રમાનો હાથ ખેંચી કાનજીભાના કૂવે બધાની સાથે નહાવા લઈ ગયા.

બાઈ એક તાંસળામાં કાઢેલી ઊની ઊની ચા અને એક થાળીમાં એક ટાઢો બાજરીનો રોટલો રસોડામાંથી લઈ આવી અને સાંકળીમાની ઢોલડી પાસે મૂક્યાં. સાંકળીમાએ ચા-પાણી પતાવી વાસણ ધોઈ નાંખ્યાં. ગમાણમાં ગયાં અને તગારું લઈ ભેંસનાં છાણ-મૂતર ભેગાં કરી, ભરી ગોંદરે જઈ ઉકરડામાં નાંખી આવ્યાં. ગામડામાં જે લોકો ઢોર રાખે એમને એમનો એક અલાયદો ઉકરડો હોય. બાઈને પણ હતો. બાઈએ બચ્ચાને છોડીને ભેંસને ધાવવા છૂટું મૂક્યું. થોડીક વાર પછી ધરાઈ રહ્યું એટલે એને ખેંચીને એના ખીલે બાંધી દીધું. સાંકળીમા આવ્યાં એટલે બાઈ તરવાયો ભેંસ પાસે મૂકીને ભેંસને દોવા બેઠી. સાંકળીમા ઊભાં ઊભાં ભેંસ પર અને ખાસ તો આંચળની આસપાસ ઊડતી માખીઓને ઉડાડવા કપડાથી વાયરો